## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમને બહુ મજા પડી - નવી સરકાર હળવી સરકાર છે... સુંદર નાના બાળક સાથેનાં કામથી શરૂઆત કરી...**

# નવરાત્રિ પર્વમાં પાવાગઢ અને ચોટીલા સહિતના ધાર્મિક સ્થાનો પર વધારાની બસ સેવા

### ભાવિકોને સરળતાથી બસ સેવા મળી રહે તે માટે ડેપો કક્ષાએથી વધારાની બસો દોડવાઇ : મુસાફરોની સંખ્યા ધ્યાને લઇ વિવિધ રૂટોમાં સલામત સવારી દોડશે

ગાંધીનગર તા ૧૦

નવરાત્રિના પવિત્ર દિવસોમાં માંઈ મંદિરોમાં ભાવિકોની ભીડ જામે છે. કોરોનાનુ સંક્રમણ ઘટતા ધાર્મિક સ્થાનો પર દર્શાનાર્થીઓની વિશેષ અવરજવર રહે છે. જેને અનુલક્ષીને એસ ટી તંત્ર દ્વારા જાણતા ધાર્મિક સ્થાનો પર ભાવિકોને સરળતાથી વાહન સેવા મળી રહે તે માટે વધારાની બસ સેવા શરૂ કરવામાં આવી છે. પાવાગઢ ,ચોટીલા, અંબાજી સહીતના ધાર્મિક સ્થાનો પર ટ્રાફિકને નજરમાં રાખી વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા વિવિધ ધાર્મિક તહેવારોને અનુલક્ષી મુસાફરોને તકલીફ ન પડે તે માટે સમય મુજબ મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિવિધ રૂટોમાં બસો મુકવામાં આવે છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી ગત સપ્તાહમાં પણ કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષી ઈ વી એમ મશીન તેમજ કર્મચારીઓની અવરજવર માટે ૨૫ જેટલી બસો ફાળવવામાં આવી હતી. આ ઉપરાંત હોળી ધુળેટીના પર્વ દરમિયાન પણ ગોધરા દાહોદ જાલોદના રૂટમાં બસો મુકવામાં આવે છે. છેલ્લા એક મહીનાથી



ગાંધીનગર ડેપોમાં મુસાફરોની અવરજવર વિશેષ જોવા મળે છે. પવિત્ર શ્રાવણ મહીના દરમિયાન પણ ધાર્મિક સ્થાનોને અનુલક્ષી સૌરાષ્ટ્રના રૂટમાં વિશેષ બસ સેવાનુ આયોજન કરાયુ હતુ. જયારે હાલ પણ નવરાત્રિ પર્વની ઉજવણી ચાલી રહી છે. ત્યારે રાજયના વિવિધ શહેરોમાં સ્થિત શકિતપીઠના દર્શન માટે પણ ભાવિકોનો ઘસારો જોવા મળે છે. હાલ કોરોના સંક્રમણ પણ કાબુમાં હોવાથી સલામત સવારીમાં ટ્રાફિક વધુ જોવા મળે છે.

બહારગામના રૂટોની બસમાં તેમજ શહેરી બસ સેવામાં પણ ટ્રાફિક જોવા મળે છે. હાલ નવરાત્રિ પર્વને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ પવિત્ર યાત્રાધામ જવા માટે મુસાફરોને સાનુકુળતા રહે તેવા આશયથી વધારાની બસો દોડવાનો નિર્ણય લીધો છે. એસ ટી ડેપોમાં આવતા મુસાફરોની જરૂરિયાતને ધ્યાને લઈ ડેપો દ્વારા અંબાજી , પાવાગઢ ,ચોટીલા સહીતના ધાર્મિક સ્થાનો પર વધારાની બસો દોડાવવા માટે આયોજન કરાયુ છે. નવરાત્રિના પર્વ દરમિયાન વિવિધ ધાર્મિસ સ્થળોએ ભાવિકોની ભીડ જોવા મળે છે. જયારે ટ્રાફિકને પહોંચી વળવા અને શ્રધ્ધાળુઓને કોઈ હાલાકી ન વેઠવી પડે તે માટે વધારાની બસો દોડાવવાનુ આયોજન કરાયુ છે.



સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. આ વર્ષે પાર્ટી પ્લોટના ગરબાનુ આયોજન થયુ ન હોવાથી શેરી ગરબામાં ખૂબ જ મોટી સંખ્યામાં વસાહતીઓ ઉમટી પડે છે અને ભાવપૂર્વક ગરબામાં જોડાય છે.

# મહુડીથી ગાંધીનગર તરફના માર્ગને સી સી રોડ બનાવવા માટે પ્રબળ માંગણી

### તંત્ર કક્ષાએથી ટુંકમાં દરખાસ્ત કરાશે : હાલ ભીની રેતી ભરીને આવતા ભારે વાહનોમાંથી પાણી ટપકતા માર્ગ એકસાઇડમાંથી તુટેલો જોવા મળે છે

ગાંધીનગર તા ૧૦

મહુડી પેથાપુર માર્ગ પર ભારે વાહનોની અવરજવર પણ વિશેષ રહે છે. જયારે આ રૂટમાં ભીની રેતી ભરેલા ટ્રક વિશેષ પસાર થતા ટ્રકમાંથી માર્ગ પર સતત ટપકતા પાણીના લીધે ડામર માર્ગનુ ધોવાણ થાય છે. આ સમસ્યાના લીધે હાલ આ માર્ગ એક સાઈડમાંથી તુટેલો જોવા મળી રહ્યો છે. આ સમસ્યાને નિવારવા માટે સ્થાનિક ગ્રામજનોએ પણ એકસાઈડ આર સી સી રોડ બનાવવા માટે પણ રજુઆત કરી છે. અંદાજિત ૩૬ કી મી ના આ માર્ગને એકબાજુ આર સી સી રોડ કરવા પાછળનો ખર્ચ પણ ડામર કામ જેટલો જ થતો હોવાથી માર્ગના અસ્તિત્વને મજબુત કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર પેથાપુર મહુડી માર્ગ ચારમાર્ગીય છે. જેમાં મહુડી , અંબોડ સહીતની જગ્યાએથી ભીની રેતી ભરેલી ટ્રકની સતત અવરજવર જોવા મળે છે. જયારે આ રેતી ભરેલા ભારે વાહનોનો ટ્રાફિક વધુ રહેતા ભીની રેતીમાંથી સતત પાણી ટપકતુ રહેતા એકબાજુના માર્ગને નુકશાન થાય છે. રોજબરોજ નિકળતી ભીની રેતી ભરેલી ટ્રકોના લીધે સતત ટપકતા પાણીથી માર્ગની જમણી બાજુએ ભંગાણ થયુ છે. અલબત્ત જમણી બાજુના માર્ગની દશા ખરાબ થઈ છે. માર્ગ મકાન વિભાગે અગાઉ પેથાપુર ખાતે ૮૦૦ મીટર અને અંબોડમાં ૬૦૦ મીટરના ભાગમાં આર સી સી રોડ બનાવ્યો હતો. જયારે સી સી રોડની આ કામગીરી અસરકારક પુરવાર થઈ છે. જેથી આ વિસ્તારમાં રહેતા ગ્રામજનોએ પણ માર્ગોનુ ધોવાણ અને નુકશાન થતુ અટકાવવા માટે બાકીના એકસાઈડના માર્ગને પણ સી સી રોડ કરી દેવા મોટ પ્રબળ માંગણી કરી છે.

મહુડીથી ગાંધીનગર તરફના માર્ગને ડામર ના બદલે આર સી સી રોડ બનાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. જેથી માર્ગનુ અસ્તિત્વ વધુ મજબુત બને અને માર્ગને નુકસાન થતુ અટકાવી શકાય ડામર માર્ગની સાપેક્ષમાં આર સી સી રોડના કામની ગુણવત્તા ૧૦ થી ૧૫ વર્ષ સુધી જળવાઈ રહે છે. જેની સામે ડામર રસ્તાનુ કામ નિયત સમય અલબત્ત ૫ વર્ષ માં હાથ ધરવુ પડે છે. બીજીતરફ બન્ને કામના ખર્ચમાં પણ વિશેષ તફાવત ન હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે આ માર્ગને અનુલક્ષી સી સી રોડની કામગીરી હાથ ધરવા માટે પણ પ્રબળ માંગણી ઉઠવા પામી છે.

# ભાટ અમુલ ડેરી સાથે છેતરપિંડી આચરનાર ત્રણ શખ્સો સામે ફરીયાદ

### છેલ્લા ત્રણ માસથી ૪૦ થી ૫૦ કેરેટ દુધ ડીલીવરી કરતા વધુ લઈ જતા હતા

ગાંધીનગર, તા.૧૦

ભાટ અમુલ ડેરીમાંથી ડીલીવરી ઓર્ડર કરતા વધારે માલ ભરી લઈ જઈ છેલ્લા ત્રણ માસથી ડેરી સાથે લાખો રૂપીયાની છેતરપિંડી આચરતા ત્રણ શખ્સો સામે ડેરીના મેનેજર દ્વારા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવામાં આવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં શરણમ-૩ ખાતે રહેતા ૪૭ વર્ષિય ખીમાણંદ રામભાઈ આંબલીયા પરિવાર સાથે રહે છે અને છેલ્લા ૨૩ વર્ષથી ભાટ અમુલ ડેરી ખાતે વહીવટી વિભાગમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. ભાટ અમુલ ડેરી ખાતે વર્ષ ૨૦૦૯ થી સોહિલ એન્ટરપ્રાઈઝ ને ડીસ્ટ્રીબ્યુટીટર્સ તરીકે નીમેલા છે. ત્યારે દોઢ માસ અગાઉ સોહિલ એન્ટરપ્રાઈઝની ગાડી નં. જી.જે.૦૬.વાય.વાય.૭૨૫૧ ખાલી કેરેટ ખાલી કરાવવા માટે આવી હતી. જેમાં ડીલીવરી કરતા ૨૦ કેરેટ વધુ નીકળ્યા હતા. જેથી ખાલી કેરેટના ઈન્ચાર્જને શંકા ગઈ હતી. ડેરીના સીસીટીવી ચેક કરતા ઉપરોક્ત ગાડીનો ડ્રાઈવર અબ્દુલ્લા નસરૂલ્લા પઠાણ તેમજ કલીનર મકવાણા ઠાકોરભાઈ સોમાભાઈ તેમના ડીલીવરી ઓર્ડર કરતા અવારનવાર ૪૦ થી ૫૦ કેરેટ વધુ ભરી જતા હતા અને ડીલીવરી કેરેટ કરતા વધુ ખાલી કેરેટ આવતા હતા. ડેરીના વિભાગ દ્વારા તા.૧-૯.૨૧ થી સીસીટીવી ફુટેજ ચેક કરતા ગાડી નં.જી.જે.૦૬.વાય.વાય.-૭૨૫૧ નો ડ્રાઈવર અને કલીનર વધુ કેરેટ દુધ અવારનવાર લઈ જતા હોવાનું ધ્યાને આવ્યું હતું. ડેરીના ઉચ્ચ અધિકારીઓએ આ અંગે ડ્રાઈવર અને કલીનરને પુછતાછ કરતા તેઓએ કબુલાત કરી હતી કે છેલ્લા ત્રણ માસથી તેઓ ૪૦ થી ૫૦ દુધના કેરેટ વધુ ભરી જતા હતા. આ દુધની હેરાફેરીમાં ડેરીના સિક્યુરીટી ગાર્ડ પણ સંડોવાયેલ હોવાનું બહાર આવ્યું હતું. જેથી તા.૧-૯-૨૧ થી છેલ્લા ત્રણ માસથી ડેરીમાંથી વધુ દુધ લઈ જઈ લાખો રૂપીયાની છેતરપીંડી આચરી વિશ્વાસઘાત કરતા ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રૂપાલમાં મેળો નહીં પરંતુ પરંપરાગત પલ્લી નીકળશે

### રૂપાલની પલ્લી અંગે ટ્રસ્ટીએ આપી માહિતી : રૂપાલમાં મેળો નહિ યોજાય પણ પલ્લીના દર્શન થશે અને માત્ર ગામના લોકો જ પલ્લીમાં હાજર રહી શકશે

ગાંધીનગર, તા.૧૦

કોરોનાનો કહેર ધીરે ધીરે ઓસરી રહ્યો છે એટલે જનજીવન થાળે પડી રહ્યુ છે. બે વર્ષ બાદ લોકો નવરાત્રિના પર્વને માણી રહ્યાં છે. આ વર્ષે માત્ર શેરી ગરબાને જ મંજૂરી મળી છે, જાહેર ગરબા પર પ્રતિબંધ મૂકાયો છે. પણ આસ્થાનીત વાત કરીએ તો આ વર્ષે કોરોના કાળમાં માતાના તમામ ધામ ભક્તોને દર્શન માટે ખુલ્લા મૂકાયા છે. ત્યારે ગાંધીનગરના રૂપાલમાં કોરોના ગાઈડલાઈન સાથે પરંપરાગત પલ્લી નીકળશે. આ વર્ષે રૂપાલમાં મેળો નહિ યોજાય પણ પલ્લીના દર્શન થશે. માત્ર ગામના લોકો જ પલ્લીમાં હાજર રહી શકશે.

વરદાયિની માતા રૂપાલના ટ્રસ્ટી નીતિન પટેલે માહિતી આપતા જણાવ્યું કે, ૧૫ ઓક્ટોબર આસો સુદ ૯ ના દિવસે રૂપાલની પલ્લી નીકળશે.



આસો સુદ ૯ ના દિવસે માતાજી પરંપરા પલ્લી નીકળશે. પરંતુ આ વર્ષએ માત્ર ગામના લોકો પલ્લીમાં ભાગ લઈ શકશે. પલ્લી નિમિત્તે યોજાતો મેળો આ વખતે નહિ યોજાય. સોશિયલ ડિસ્ટન્સ સાથે પલ્લીનું આયોજન કરાશે. આજે ગાંધીનગરના સુપ્રસિદ્ધ એવા રૂપાલમાં વરદાયિની માતાના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દર્શન કર્યા હતા. નવરાત્રિનો પર્વ હોવાથી ભુપેન્દ્ર પટેલ રૂપાલ પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ વરદાયિની માતાજીના દર્શન-પૂજન કર્યા હતા.

આજે ચોથુ અને પાંચમું નોરતું છે ત્યારે મુખ્યમંત્રીએ માતાજીને શિશ ઝુકાવ્યું હતું. અહીં મુલાકાતમાં મુખ્યમંત્રીએ પેથાપુરમાં બાળકને લઈ કોયડો ઉકેલવા બદલ પોલીસને અભિનંદન આપ્યા હતા. સાથે જ આ કૃત્યને માણસાઈ વિરુદ્ધનું કૃત્ય ગણાવ્યું હતું. માતા વરદાયિનીના ધામમાં ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની પ્રજાની શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## સે-૨૫ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કર્ટ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સે-૨૫ ખાતે આવેલ જય ગોગા હોસ્ટેલ (બોયઝ હોસ્ટેલ) ગાંધીનગરમાં એક કાનૂની જાગૃતિ શિબિરનું આયોજન મહાત્મા ગાંધી જન્મજયંતિના રોજ કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ આંતરરાષ્ટ્રીય અહિંસા દિન-ઈન્ટરનેશનલ ડે ઓફ નોન વાયોલન્સ-જે યુનાઈટેડ નેશન્સ દ્વારા સાલ ૨૦૦૭માં ઠરાવથી જાહેર કરવામાં આવ્યો છે તે વીશે તથા એન્ટી ડ્રગ ડે વિશે, વિસ્તૃત વકતવ્ય આપવામાં આવ્યું હતું. શિબિરમાં ઉપસ્થિત પેરાલીગલ વોલન્ટીયર વિમળાબેન અયાચીએ લીગલ સર્વિસીઝ એકટ હેટળ મળવા પાત્ર કાનૂની સહાય અંગે છણાવટ કરી હતી. હોસ્ટેલના સંચાલક હમીરભાઈ દેસાઈ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં અશોકભાઈ જોશી તથા ૩૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





નવરાત્રિ પર્વની ઉજવણી ઉમિયા માતાજી મંદિર, સેકટર-૧૨ ખાતે ધામધૂમથી કરવામાં આવી રહી છે. અહીં યોજાતી આરતીનો લાભ વસાહતીઓ મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

# અમિતાભ બચ્ચનના ૭૯મા જન્મદિવસ નિમિત્તે ‘હેપ્પી રક્તદાન શિબિર’ યોજાઈ

### અમિતાભ બચ્ચન ફ્રેન્ડસ કલબ દ્વારા શ્રી રાજપૂત સમાજ અને હેપ્પી યુથ કલબનું સંયુક્ત આયોજન : ૨૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું : કેક કાપી મહાનાયકનો બર્થડે ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

હિન્દી ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચનના ૭૯મા જન્મદિવસની આગોતરી ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરના એડવોકેટ અને અમિતાભના ફેન દિલીપસિંહ બિહોલાની અમિતાભ બચ્ચન ફ્રેન્ડ્સ કલબ દ્વારા શ્રી રાજપૂત સમાજ અને હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે આજે ગાંધીનગરના સેકટર-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે ‘હેપ્પી રકતદાન શિબિર’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. આ પ્રસંગે શ્રી રાજપૂત સમાજના ગાંધીનગર જિલ્લાના



પ્રમુખ અને મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલ, ગાંધીનગર શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા અને શ્રી રાજપૂત સમાજના ગાંધીનગર શહેરના મહામંત્રી પ્રદીપસિંહ બિહોલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આયોજક અને અમિતાભ બચ્ચનના ડાઈ હાર્ડ ફેન દિલીપસિંહ બિહોલાએ કેક કાપીને અમિતાભ બચ્ચનના જન્મદિવસની આગોતરી ઉજવણી કરી હતી તેમજ અમિતાભની સાત હિંદુસ્તાનીથી માંડીને આગામી બ્રહ્માસ્ત્ર સુધીની તમામ ફિલ્મોને આવરી લેતો ડાયલોગ પ્રસ્તુત કર્યો હતો.

આ પ્રસંગે કરાઓકે સંગીત થકી અમિતાભના ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક પૂરી પાડી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચન પોતે થેલેસેમિયા માઈનોર છે તેથી આ રકતદાન શિબિરનો હેતુ થેલેસેમિયાગ્રસ્ત બાળકો સહિત જરૂરિયાતમંદ પરિવારોના દર્દીઓને રકતની આકસ્મિક જરૂરિયાત માટે પૂરતો પુરવઠો મળી રહે તે માટે મદદરૂપ થવાનો હતો. આ રકતદાન શિબિરમાં રકતદાન કરનાર તમામ રકતદાતાને પ્રમાણપત્ર સાથે ‘રકતદાતા પ્રોત્સાહન કિટ’ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## અમદાવાદ પૂર્વમાં ચિકનગુનિયા અને પશ્ચિમમાં ડેન્ગ્યુના કેસ વધ્યા

ગુજરાત સહિત દેશભરમાં અત્યારે કોરોનાની સ્થિતિ સામાન્ય બની છે. પહેલાની સરખામણીમાં હવે નવા કેસ પણ ઘણાં ઓછા નોંધાઈ રહ્યા છે. પરંતુ અત્યારે અમદાવાદ શહેરમાં કોરોના નહીં પણ અન્ય બીમારીઓએ માથુ ઉંચક્યું છે. શહેરમાં પાછલા ૧૦-૧૫ દિવસથી સતત વરસાદી વાતાવરણ અને વાદળછાયા માહોલને કારણે મચ્છરની ઉત્પત્તિમાં વધારો થયો છે. પરિણામે પૂર્વ અમદાવાદમાં ચિકનગુનિયાના કેસમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. લગભગ તમામ સોસાયટીઓ, ચાલી- વિસ્તારોમાં મેલેરિયાની સાથે સાથે ચિકનગુનિયાની ફરિયાદ સામે આવી રહી છે. ચોમાસાની વિદાય થઈ રહી છે ત્યારે ભાદરવા મહિનામાં પણ ઘણો વરસાદ પડ્યો. સામાન્ય રીતે ભાદરવા મહિનામાં તાવના કેસ પ્રમાણમાં વધારે નોંધાતા હોય છે. પાછલા ૧૦-૧૫ દિવસથી શહરેરમાં વરસાદનું વાતાવરણ રહે છે અને હળવા કે ભારે ઝાપટાં પડતા રહે છે. આ કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદનું પાણી ભરાઈ રહેતાં મચ્છરની ઉત્તપત્તિ વધી ગઈ હોવાની ફરિયાદ નાગરિકો દ્વારા કરવામાં આવી રહી છે.



## દશેરાને અનુલક્ષીને વાવોલમાં આરએસએસની રેલી

નવરાત્રીનું પાવન પર્વ ચાલી રહ્યું છે અને તેના સમાપન સાથે જ વિજયાદશમી એટલે કે દશેરાનું પર્વ ઉજવાશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દશેરાની વિશેષ ઉજવણી કરવામાં આવતી હોય છે જેને અનુલક્ષીને શહેરના વાવોલ વિસ્તારમાં રવિવારની સાંજે એક માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આરએસએસના સ્વયંસેવકો તથા બાળકોએ જોડાઈને શિત્તબદ્ધ રીતે ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મનો જયઘોષ વિજય પતાકા સાથે પ્રસરાવતા ભ્રમણ કર્યુહતુ.

## ખૂણેખાંચરેથી

- દહેગામ ન.પા.ના ચીફ ઓફિસરની બદલીના હુકમો થયા છે.
- દહેગામના રખિયાલ ગામે સો મીલની ઓફિસમાં માલિકે ગળાફાંસો ખાધો હોવાની ઘટના સામે આવી છે.
- ગુજરાત રાજ્ય ચેરીટેબલ હોસ્પિટલ ફેડરેશનની મહેસાણા જિલ્લાના અંબાસણ ગામે બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- કોરોના મહામારી પછી શરીર સ્થૂળતા વધવાના કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં આયુર્વેદ શાખા દ્વારા યોજાયેલા કેમ્પોમાં ૧૬૫ જેટલા દર્દી શરીર સ્થૂળતાના મળી આવ્યા છે.
- ગાંધીનગર અખબારભવન ખાતે આજે નવરાત્રી પર્વ નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન કરાયુ હતુ.
- કેન્દ્રીય વિદ્યાલય સે. ૩૦માં અભ્યાસ કરતા અંતરિક્ષ દવેએ અન્ડર-૧૮ની ગુજરાત ઓપન લોન ટેનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પીયન બની શાળા અને શહેરનું ગૌરવ વધાર્યુ છે.
- ગુજરાત લોન ટેનિસ એસો. દ્વારા અમદાવાદ ખાતે તોજતરમાં યોજાયેલ ટૂર્નામેન્ટમાં પ્રજવલ્લ મયુરકુમાર પટેલ (અન્ડર-૧૦)માં રનર્સઅપ બની નગરનું ગૌરવ વધારેલ છે.
- જાણીતા એડવોકેટ અસીત કે. પંડ્યા અને અતુલ કે. પંડ્યાના માતુશ્રી વિમળાબેન પંડ્યાનું દુઃખદ અવસાન થયુ છે.